ડો.બાબાસાહેબ ફાઉન્ડેશન,રાણીપ, અમદાવાદ
ખાતે જુનિયર કલાર્કની ૦૧(એક) જગ્યા નવી
ઊભી કરવા અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ની નવી
બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત
રૂ. ૧.૨૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૫/ન.બા.૮૫૨૮૮૩/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૭/૦૪/૨૦૧૬

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૪/૧૨/૨૦૧૫નો પત્રક્રમાંક:
અજાક/મકમ/૨/ન.બા./૩૦૯૪/૨૦૧૫/૬

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ડો. આંબેડકર ફાઉન્ડેશન,રાણીપ,અમદાવાદ ખાતે કોઈ મહેકમ મંજૂર થયેલ નથી. ફાઉન્ડેશનના સંચાલન, નિભાવ અને વહીવટી કામગીરી માટે મહેકમની જરૂરિયાતને ધ્યાને લઈ ૩ જગ્યાઓનુ મહેકમ મંજૂર કરવા અંગે નિયામકશ્રીએ વંચાણે લીધા ક્રમ(૧) પરના પત્રથી રૂ.૪.૭૮ લાખની વર્ષ:૨૦૧૬-૧૭ના વર્ષની નવી બાબતની દરખાસ્ત કરેલ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણ ે અંતે, ડો. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદ ખાતેજુનિયર કલાર્ક(વર્ગ ) સંવર્ગની ૦૧(એક) જગ્યા નવી ઊભી કરવા માટે વર્ષ:૨૦૧૬-૧૭ના વર્ષ માટે રૂ.૧.૨૦ લાખની ની બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી ણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું શે.

) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. તેમજ બચત રહેતં. મ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

( ) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે ાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગનાતા. ૧૬/૦૨/૨૦૦૬ અને માન્ય વહીવટ વિભાગના તા. ૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ ને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

( ) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી ાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

( ) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા. તા. ૧૮/03/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦3/જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

( ૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

( ૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત

ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તથા નાણાં વિભાગની તા.૨૧/૪/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
  એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બહુમાળી ભવન લાલ દરવાજા, અમદાવાદ
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- પસંદગી ફાઇલ.